**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.**
**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ,
ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯,
ફોન નં.૦૭૯ ૨૬૫૮૦૪૩૦ E-Mail:- office@srfdcl.com

## શોર્ટ-ટેન્ડર નોટીસ

**સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)નો પાર્કીંગના પરવાનો** મેળવવા **બાબતે**

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અંર્તગત નદીનીપૂર્વ દિશાએ બનાવવામાં આવેલ રીવરફ્રન્ટ માર્કેટ (ગુજરી બજાર)ના **દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) તથા તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)ના પાર્કીંગનો પરવાનો** વાર્ષિક ફીથી મેળવવા રસ ધરાવતાં વ્યકિત/સંસ્થા પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. ટેન્ડર **રૂબરૂમાં તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાક** સુધીમાં ઉપરોકત જણાવેલ સ્થળે સીલ બંધ કવરમાં સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે. આ અંગેની વિગતો સહિતના ટેન્ડર ડોકયુમેન્ટ **સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.**ની વેબસાઇ www.sabarmatiriverfront.com , www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરી તેમાં સૂચવ્યા મજબ ભરી શકાશે.

**તારીખ:** ૧૩/૦૩/૨૦૨૬

**એકઝીકયુટીવ ડીરેકટર**
**SRFDCL**

આ ફોર્મ ભરી નીચેના સ્થળે તથા સમયે જમા કરવું.

સ્થાન : ગ્રાઉન્ડ ફ્લોર (એકઝીબીશન હોલ) , રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯,

**તા. ૨૩/૦૩/૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં જ**

ફોન નં.૦૭૯ ૨૬૫૮૦૪૩૦ E-Mail:- office@srfdcl.com

**ટેન્ડર ફોર્મ (રીવરફ્રન્ટ માર્કેટ ના પાર્કીંગ સ્પેસના પાર્કીંગના કોન્ટ્રકટના ટેન્ડર માટે)**

## ૧.અરજદારની વિગત

અરજદાર/સંસ્થાનું પુરુ નામ :

(જો ભાગીદારીમાં અરજી કરવામાં આવે તો દરેક ભાગીદારોની વિગતો સાથે જોડવાની રહેશે)

| અટક | નામ | પિતા/પતિનું નામ |
|---|---|---|
| | | |

| | | | |
|---|---|---|---|
| મોબાઇલ નં. | | ઇ-મેઇલ: | |
| ફોન નં.(ઘર) | | ફોન નં.(ઓ.): | |

હાલનું સરનામું: કાયમી સરનામું:

## ૨. અરજદારનું નિવેદન :-

હું / અમો નામ :........... ........... ........... ........... ........... હોદો ........... ........... ........... જણાવીએ છીએ કે, અમો **સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)નો પાર્કીંગના પરવાના અંગેના** ટેન્ડર માં રસ ધરાવીએ છીએ.આ માટેના તમામ કામો માટે અમારી ગેરહાજરી વખતે અમારા નીચે જણાવેલ અધિકૃત પ્રતિનિધિ/ભાગીદાર બંધારણીય રીતે હાજર રહી કાર્યવાહીમાં ભાગ લઇ શકે તે માટે અધિકૃત કરીએ છીએ.તેઓએ ટેન્ડર ખોલતી વખતે અને હરાજી વખતે અને જયારે પણ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. જણાવે ત્યારે પોતાની ઓળખની સાબિતી આપતા મૂળ પુરાવા (Original ID Proof) રજૂ કરવાના રહેશે.

## ૩.અધિકૃત પ્રતિનિધિની વિગતો

| | | | |
|---|---|---|---|
| નામ | | | |
| સરનામું | | | |
| મોબાઇલ નં | | ઇ-મેઇલ | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

**(નોંધ : ટેન્ડરના કવર નં. ૨ માં આ પાનાની વિગતો ભરીને મુકવું)**

૪. હું એ જાણુ છું / અમો એ જાણીએ છીએ કે લઘુત્તમ વાર્ષિક લાયસન્સ ફી ની રકમ કે તેના કરતાં નીચેની રકમથી ભરેલ ટેન્ડર આપોઆપ રદ બાતલ થયેલું ગણાશે તેની મને / અમોને સ્પષ્ટતા હોય હું /અમો આ **સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)નો પાર્કીગના પરવાના** માટે નીચે મુજબની ઓફર આપું છું / આપીએ છીએ.

| **લોકેશનની વિગત** | પોર્શન | લઘુત્તમ વાર્ષિક લાયસન્સ ફી ની **રકમ(રૂ.માં)** | **વાર્ષિક લાયસન્સ ફી ની રકમ ની ઓફર** | |
|---|---|---|---|---|
| | | | **અંકોમાં** | **શબ્દોમાં** |
| સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટની દક્ષિણ તરફના છેડા પર તથા વેન્ડર્સ માટે બનાવવામાં આવેલ પાર્કિંગ સ્પેસ અને બાજુમાં આવેલ અન્ય સ્પેસ (બી-૧) | **બી+બી-૧** | **૧૯,૭૧,૦૦૦/-(અંકે રૂપિયા ઓગણીસ લાખ એકોતેર હજાર પુરા)+ લાગુ જી.એસ.ટી.** | | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

૫. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)ના પાર્કિંગ સ્પેસમાં અંદાજીત પાર્ક કરી શકાતાં વાહનોની સંખ્યાની વિગતોઃ

| **અનુ.ક્ર.** | **વિગત** | **પાર્કીંગની અંદાજીત કેપેસીટી** |
|---|---|---|
| ૧ | રીવરફ્રન્ટ માર્કેટના દક્ષિણ તરફના છેડા પાસે અને વેન્ડર્સ પાર્કીંગ અને બાજુમાં આવેલ અન્ય જાગ્યા (નકશામાં દર્શાવેલ પોર્શન-બી+ પોર્શન-બી-૧) | ૧૨૪૦ ટૂ-વ્હીલર<br>અથવા<br>૩૧૦ ફોર-વ્હીલર |

૬. આ પાર્કીંગ સ્પેસની જગ્યાએ લાઇટની સુવિધા આપવામાં આવશે પરંતુ તેનુ લાઇટબીલ પરવાનેદારે ભરવાનું રહેશે.

૭. હું / અમે સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટની **રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)નો પાર્કીંગનો** પરવાનો મેળવવા માટેના ટેન્ડર ના **ટેન્ડર ફોર્મ ફી રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)(Non Refundable)** તથા **અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) તરીકે પોર્શન બી + પોર્શન બી-૧ માટે** અર્નેસ્ટમની રકમ **રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા)** ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવી રહયા છીએ તેની વિગતો નીચે મુજબ છે.

| **પોર્શનઃ** | **પોર્શન બી + પોર્શન બી-૧** | | | | | |
|---|---|---|---|---|---|---|
| **નાણાની વિગત** | **ડિમાન્ડ ડ્રાફટ ની વિગત** | | | | | |
| | **નંબર** | **તારીખ** | **બેંકનું નામ** | **શાખા** | **રકમ અંકમાં (રૂ.)** | **રકમ શબ્દોમાં (રૂ.)** |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) | | | | | | |
| ટેન્ડર ફોર્મ ફી | | | | | | |

**(નોંધઃ RTGS/NEFT થી નાણાં જમા કરાવી શકાશે નહી. )**

૮. મે/અમોએ ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવશે તો, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા જાણ કરવામાં આવ્યેથી હું/અમે સીકયુરીટી ડિપોઝીટ તરીકે વાર્ષિક લાઇસન્સ ફી તરીકે ઓકશનમાં બોલેલ ઉચ્ચતમ ઓફરની એક વર્ષની લાયન્સ ફીની ૨૫% રકમ લાગુ પડતા કર સાથે દિન-૧૫(પંદર)માં ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવવા બંધાયેલ છીએ. ત્યારબાદ જ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની સક્ષમ સત્તા દ્વારા મને/અમોને એલ.ઓ.એ. આપવામાં આવશે તે અમો જણાવીએ છીએ. એલ.ઓ.એ. આપ્યા બાદ દર ૬(છ) માસના પહેલા ૧૫ દિવસમાં જે-તે છ માસની લાઇસન્સ ફીના નાણાં એડવાન્સ જમા કરાવા હું/અમો બંધાયેલા છીએ. નિયત સમયમાં જે-તે છ માસના લાઇસન્સ ફીના નાણાં એડવાન્સ જમા ન થયેથી સીકયોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરીને કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે. જે હું/અમો

જાણીએ છીએ. પ્રથમ છ માસની લાઈસન્સ ફીના નાણાં અત્રેના વિભાગે જમા કરાવ્યા બાદ જ હું/અમોને જગ્યાનો કબ્જો સોંપવામાં આવશે. **પાર્કીંગના પરવાનાની મુદત કબ્જો આપ્યાની તારીખથી ૧(એક) વર્ષનો રાખવામાં આવશે. જે બીજા ૧(એક) વર્ષ સુધી અરસ-પરસ સમજુતીથી વધારી શકાસે**. જે અમો જાણીએ છીએ.

૯. જો હું/અમોએ આપેલ કોઈપણ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ નો નિર્ણય આખરી ગણાશે અને જે બાબતે અમો કોઈ પણ પ્રકારનું લીટીગેશન કરીશું નહી.

૧૦. અમારી ઓફર સ્વીકારવામાં આવશે નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) રકમ દિન-૬૦(સાઇઠ)માં વગર વ્યાજે મને/અમોને મળશે અને જો હું/અમોએ આપેલ ઓફર સ્વીકારવામાં આવશે તો, ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સીકયોરીટી ડીપોઝીટની રકમમાં મજરે આપવામાં આવશે.

૧૧. મારી/અમારી ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવે અને હું/અમો ઓફર મુજબની તથા અન્ય જે ડીપોઝીટ/રકમ નિયત સમયમર્યાદામાં ભરપાઈ કરી શકીએ નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) સહિતની ઉક્ત તમામ ભરેલી રકમ સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની સક્ષમ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૨. **સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)ના** પાર્કીંગના કોન્ટ્રાકટ બાબતે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે નિર્ણય અને શરતો નક્કી થશે તે માટે હું/અમો બંધાયેલા છીએ.

૧૩. આથી હું/અમો જાહેર કરીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની માહિતી સંપૂર્ણ સાચી અને ખરી છે અને આકસ્મિક રીતે અથવા કોઇ અન્ય રીતે માહિતી રજૂ કરવામાં ખામી રહી ગઈ હોય અથવા અધુરી વિગત માલૂમ પડે તો સ્વીકારેલ ઓફર/ભાડાપટ્ટે ફાળવણી કરેલ ફુડકોર્ટ/કીઓસ્ક રદ કરવા / પરત લેવા માટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા જે નિર્ણય લેશે તે મને/અમોને બંધનકર્તા રહેશે.

૧૪. હું/અમો અહી જાહેર કરીએ છીએ કે મે/અમોએ સૂચિત પાર્કીંગની સ્પેશના પાર્કીંગના કોન્ટ્રકટ અંગેના નિયમો વાંચ્યા અને સમજ્યા છે. સદર પાર્કીંગની સ્પેશના પાર્કીંગના કોન્ટ્રકટ ની ટેન્ડર ની જાહેરાત મુજબની તમામ વિગતોનો અભ્યાસ કરેલ છે. મે/અમોએ ઉપરોક્ત પૈકી ૧ થી ૩ વાળી રજૂ કરેલ વિગતો સંપૂર્ણ સત્ય છે. હું/અમો ઉપરોક્ત ૪ મુજબની ઓફર આપીએ છીએ, ઉપરોક્ત ૭ મુજબ અર્નેસ્ટ મની ડીપોઝીટ તથા ટેન્ડર ફી ફોર્મ ફીના નાણાં જમા કરાવી રહયા છીએ અને ઉપરોક્ત પૈકી ૮ થી ૧૪ સુપેરે વાંચીને સમજેલ છે અને અમોને તે સ્વીકાર્ય હોઇ તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ, જે અમો સોગંદપૂર્વક જાહેર કરીએ છીએ.

| અરજદારનું પુરૂ નામ | સહી અને તારીખ | સંસ્થાનો/હોદ્દાનો સિક્કો |
|---|---|---|
| | | |

**સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)ના પાર્કીગના કોન્ટ્રાકટના ટેન્ડર માટેની શરતો**

**સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)નો પાર્કીગના <u>પરવાનો ૧ (એક) વર્ષ તથા ફર્ધર એક્ષ્ટેનડેબલ ૧ (વર્ષ)</u> માટે** નીચેની શરતોએ આપવાનો છે.

૧. જાહેરાતમાં જણાવેલ **સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)**ના પાર્કીગના કોન્ટ્રાકટના ટેન્ડર માટે રસ ધરાવનાર વ્યક્તિ/સંસ્થાએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની વેબ સાઈટ <u>www.sabarmatiriverfront.com</u> અને <u>www.ahmedabadcity.gov.in</u>. પરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

૨. ભરેલ ટેન્ડર ફોર્મ મોટા સીલ બંધ કવરમાં **તા. ૨૩/૦૩/૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાક** સુધીમાં બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે જમા કરાવવાના રહેશે.

૩. ટેન્ડરમાં ભાગ લેનાર વ્યકિતની ઉમર ૧૮ વર્ષથી ઉપર હોવી જોઇએ.

૪. ટેન્ડર **તા.૨૪/૦૩/૨૦૨૬ના રોજ સવારે <u>૧૧.૩૦ કલાકે</u>** બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯ હાજર રહેલ ઓફરર્સની સમક્ષ ખોલવામાં આવશે.

૫. ટેન્ડરમાં ભાગ લેનારે **સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ હેઠળના રિવરફ્રન્ટ માર્કેટ(ગુજરી બજાર)ની દક્ષિણ તરફના છેડા પરની પાર્કિંગ સ્પેસ (પોર્શન - બી) અને તેની બાજુમાં આવેલ પોર્શન(બી-૧)ના** પાર્કીગના કોન્ટ્રાકટનો પરવાનો મેળવવા માટેના ટેન્ડર ના **<u>ટેન્ડર ફોર્મ ફી રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)(Non Refundable) તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) તરીકે પોર્શન બી+ પોર્શન-બી-૧ માટે અર્નેસ્ટમની રકમ રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા)</u> સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ**ના નામનો ડીમાન્ડ ડ્રાફટ પેયેબલ : અમદાવાદ એમ બંને અલગ -અલગ બનાવી જમા કરાવવાનો રહેશે. અર્નેસ્ટ મનીની રકમ ટેન્ડર મંજૂર થયેથી સિકયોરીટી ડિપોઝીટમાં મજરે આપવામાં આવશે.

૬. **ટેન્ડર ના ટેન્ડર ફોર્મ ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) ના ડી.ડી. અરજદાર વ્યકિત /સંસ્થાના ખાતામાંથી ઈશ્યુ થયેલ હોવો જોઇએ.**

૭. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં નહી આવે તેઓને તેમની અર્નેસ્ટ મનીની રકમ ટેન્ડર ઓપન થયેથી ૬૦ દિવસની અંદર વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૮. ટેન્ડર ફોર્મ સીલ બંધ મોટા કવરમાં જમા કરાવવા તેના પર વ્યકિત/સંસ્થાનું નામ, સરનામું તથા જે પોર્શન માટે ટેન્ડર ભરતા હોય તે અચુકપણે લખી આ મોટા કવરની અંદર કવર નં. ૧ અને કવર નં. ૨ મુકવાના રહેશે.

**એ. કવર નં. (૧) ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) અને ટેન્ડર ડોકયુમેન્ટ**

આ કવરની ઉપર **"ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) અને ટેન્ડર ડોકયુમેન્ટ"** એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. ટેન્ડર ડોકયુમેન્ટના પાના નં. ૩ સિવાયના તમામ પાનાઓમાં જ્યાં પણ જરૂરી વિગતો ભરવાની છે તે વિગતો ભરી દરેક પાના પર ટેન્ડર ભરનારે સહી સીકકા કરી મુકવા. ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD)ના ડીમાન્ડ ડ્રાફટ આ કવરમાં મુકવાના રહેશે.

**બી. કવર નં.(૨):- પ્રાઈસ બીડ**

આ કવર ઉપર ઓફરરે " પ્રાઈસ બીડ અંગેનું કવર" તેમ સ્પષ્ટ રીતે લખી સીલ કરવાનું રહેશે. ટેન્ડર ભરનારે ટેન્ડર ડોકયુમેન્ટનું પાના નં. ૩ (પ્રાઈસ બીડ) સહી સીકકા કરી કવરમાં મુકવાનું રહેશે.

૯. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD) વિનાનું કે અધુરી વિગતોવાળું ટેન્ડર રદબાતલ ગણાશે.

૧૦. ઓફરદારે અરજી ફોર્મ સાથે જ્યાં જ્યાં ડીમાન્ડ ડ્રાફટનો ઉલ્લેખ છે તે તમામ **ડીમાન્ડ ડ્રાફટ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ** ના નામનો રજૂ કરવાનો રહેશે અન્યથા ટેન્ડર આપોઆપ રદ થયેલ ગણાશે.

૧૧. ટેન્ડર ભરનારે સાઈટ, લોકેશન, કન્ડીશન વિગેરેની જાત તપાસ કરી પોતાની જાતને અવગત કરી લેવાની રહેશે. આવી કોઇ પણ બાબતમાં કોઇ પણ ઓફરર્સનું કોઇ પણ પ્રકારનું ઓબ્જેકશન માન્ય રાખવામાં આવશે નહી.

૧૨. જેની ઓકશનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેવા ઓફરદારને સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કોઈપણ કારણસર સદર જગ્યા પાર્કીંગના પરવાના માટે આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદ્ભવે ત્યારે સિક્યોરીટી ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે

૧૩. ટેન્ડરની સાથે ઓફરદારે પાન કાર્ડ અને આધારકાર્ડની નકલ આપવાની રહેશે.

૧૪. ટેન્ડરમાં પરવાનેદારે કોઇ શરત મુકવાની નથી. શરતી ટેન્ડર તથા અપ-સેટ પ્રાઇસથી નીચે ભરેલ ટેન્ડર ફોર્મ રદ કરવામાં આવશે.

૧૫. જે ઓફરદારના નામે ટેન્ડર ભરવામાં આવેલ હશે, તે સ્વયં કે તેઓના દ્વારા અધિકૃત કરેલ પ્રતિનિધિ જ ટેન્ડર કમ હરાજીમાં ભાગ લઇ શકશે અન્ય બીજી કોઇ વ્યકિત હરાજીમાં સીધો ભાગ લઇ શકશે નહી.

૧૬. ટેન્ડરનો પરવાનો અપાયા બાદ જો ઓફરદાર ફાળવેલ ટેન્ડર સ્વીકારવાની ના પાડશે તો તેઓની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ તથા ભરેલ અન્ય તમામ રકમ સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની સક્ષમ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૭. જે ઓફરદારનું ટેન્ડર માન્ય રહેશે, તે જ ઓફરદાર હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજીમાં અરજદાર દ્વારા અધિકૃત કરવામાં આવનાર વ્યકિત જ બોલી બોલી શકશે.ટેન્ડરમાં આવેલ ઓફરો પૈકી જે મહત્તમ ઓફર હશે, તેની ઉપર **હરાજીમાં ભાગ લેનારે રૂા.૫૦૦/- ના ગુંણાકમાં બોલી** બોલવાની રહેશે. ઊંચી બોલી બોલનાર માગણીદારની હરાજી આખરી કરતી વખતે, સદર જગ્યાના પાર્કીંગના પરવાના માટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડને મળેલ સૌથી ઊંચી બોલીની કિંમતે સ્વીકાર કરવો કે કેમ? તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

**આ ઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોને આધીન હરાજી કરવામાં આવશે.**

- હરાજી વખતે હરાજીમાં ભાગ લેનાર વ્યકિત કે તેમના પ્રતિનિધિ દ્વારા જો કોઇ અઘટિત વર્તન કરવામાં આવશે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને હરાજીમાં તેમને ભાગ લેવા દેવામાં આવશે નહી.
- હરાજી કરનાર અધિકારી કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઇપણ તબક્કે સદર જગ્યાના પાર્કીંગના પરવાના માટેની હરાજી ની કાર્યવાહી પાછી ખેંચી શકશે / સ્થગિત કરી શકશે.
- સદર જગ્યાના પાર્કીંગના પરવાના માટેની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી, તેં સંબંધી સક્ષમ સત્તા અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૧૮. આ ટેન્ડરની મંજુર થયેથી આપવામાં આવનાર **<u>પાર્કીંગ પરવાનાની મુદત જગ્યાનો કબજો સોંપ્યાથી ૧(એક) વર્ષનો રાખવામાં આવશે. જે બીજા ૧ (એક) વર્ષ સુધી વધારવા અંગે ટેન્ડરની શરતોના પાલન અને સંતોષકારક કામગીરીને ધ્યાને રાખીને સા.રી.ફ.ડે.કો.લી.ની સક્ષમ સતાના નિર્ણય થયેથી લંબાવી શકાસે.</u>**

૧૯. ટેન્ડરની **<u>અપસેટ વેલ્યુ (મીનીમમ વાર્ષિક લાયસન્સ ફી) રૂા.૧૯,૭૧,૦૦૦/-(અંકે રૂપિયા ઓગણીસ લાખ એકોતેર હજાર પુરા)+લાગુ જી.એસ.ટી.</u>** છે. તેનાથી ઓછી રકમની ઓફરનું ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહી.

૨૦. ટેન્ડર કમ હરાજીમાં આપેલ ઓફરની રકમમાં માત્ર અને માત્ર વાર્ષિક પરવાનો લાયસન્સ ફીની રકમનો જ સમાવેશ થાય છે. તેમાં જી.એસ.ટી.કે કોઇ પણ પ્રકારનો ટેક્ષ/ સેસ/ સરકારી/ સ્થાનિક/ અર્ધ સરકારી વેરા કે ચાર્જીસનો સમાવેશ થતો નથી. (મ્યુનિસિપલ ટેક્ષ સિવાય)જી.એસ.ટી. તેમજ અન્ય સરકારી યા બીજા કોઇ સરકારી કરવેરા આવશે તો તે પરવાનેદારે ભરવાના રહેશે તથા પરવાના માટે જે કોઇ સરકારી કે અર્ધ સરકારી લાયસન્સ મેળવવાના થતાં હોય તે તમામ પરવાનેદારે મેળવવાના રહેશે.

૨૧. ટેન્ડર મંજુર થયાની જાણ થયેથી ૧૫ દિવસમાં પરવાનેદારે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની કચેરીમાં સીકયુરીટી ડિપોઝીટ તરીકે વાર્ષિક લાઇસન્સ ફી તરીકે ઓકશનમાં બોલેલ ઉચ્ચતમ ઓફરની ૨૫% રકમ ડીમાન્ડ ડ્રાફટથી ભરવાની રહેશે.

૨૨. એલ.ઓ.એ. આપ્યા તારીખથી દર છ માસના પહેલા ૧૫ દિવસમાં જે તે છ માસની લાયસન્સ ફી ના નાણાં એડવાન્સમાં જમા કરાવવાના રહેશે. નિયત સમયમાં લાઇન્સ ફી ભરવામાં નહી આવે તો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે. પ્રથમ છ માસની લાઇસન્સ ફીના નાણાં અત્રેના વિભાગે જમા કરાવ્યા બાદ જ હું/અમોને જગ્યાનો કબ્જો સોંપવામાં આવશે. પાર્કીગના પરવાનાની મુદત કબ્જો આપ્યાની તારીખથી ૧(એક) વર્ષનો રાખવામાં આવશે. જે બીજા ૧(એક) વર્ષ સુધી અરસ-પરસ સમજુતીથી વધારી શકાસે.

૨૩. કોઇપણ ટેન્ડર ગ્રાહય રાખવું કે નહી તે અંગે સા.રી.ફ.ડે.કો.લી.નો નિર્ણય છેવટનો ગણાશે. કોઇપણ જાતનું કારણ આપ્યા સિવાય પણ સા.રી.ફ.ડે.કો.લી. ટેન્ડર ના મંજુર કરી શકશે.

24. ટેન્ડરના નકશામાં દર્શાવેલ પોર્શન બી-૧ વાળી જગ્યાએ રવીવારના દિવસે સ્થળે ગુજરીબજાર(રીવરફ્રન્ટ માર્કેટ) ભરાતી હોઇ,સદર સ્થળે રવીવારના દિવસે સદર સ્થળે પાર્કીંગ કરાવી શકાશે નહી. પરવાનેદારે સદર પોર્શન-બી વાળી જગ્યા રવીવારના દિવસે ગુજરીબજાર(રીવરફ્રન્ટ માર્કેટ) માટ ખુલ્લી રાખવાની રહેશે.

25. આ નિયત કરેલ જગ્યાએ જ વાહનો પાર્ક કરાવવા તથા તેની સાચવણી કરવા માટે નકકી કરેલ દર કરતાં વધુ પાર્કીંગ ફી ઉઘરાવી શકાશે નહી.જો આવું કરતાં જણાશે, તો એસ.આર.એફ.ડી.સી.એલ.

દ્વારા સિકયોરેટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા પરવાનેદાર વિરુધ્ધ કાયદાકીય પાગલાં લેવામાં આવશે.

૨૬. પરવાનેદાર આ પરવાનો કોઇ પણ વ્યકિતને ટ્રાન્સફર કરી શકશે નહી.પરવાનેદાર પાર્કિંગની જગ્યાએ ઓળખપત્ર સાથેના પોતાના માણસો રાખવાના રહેશે.

૨૭. સ્ટે.કમિટી ઠરાવ નં-૫૦૪, તા.૦૧/૦૮/૨૦૧૮ થી ઠરાવેલ પાર્કિંગના દર નીચેના ટેબલ મુજબના રહેશે.

| અ.નં. | વાહનનો પ્રકાર | પ્રતિ ૧ (એક) કલાક નો ભાવ (રૂા. માં) |
|---|---|---|
| ૧ | ટુ-વ્હીલર | ૫/- |
| ૨ | ઓટો રીક્ષા | ૧૦ |
| ૩ | કાર/ફોર વ્હીલર | ૨૦/- |

૨૮. પે એન્ડ પાર્કની જગ્યામાં ઇલેકટ્રોનીક હેન્ડફોલ્ડ વેન્ડીગ મશીનનો ઉપયોગ કરી પાર્કિંગ ચાર્જ વસુલ કરવાનો રહેશે. આ તમામ સાધન સામગ્રી ઇત્યાદી અંગેનો તમામ ખર્ચ પરવાનેદારે ભોગવવાનો રહેશે.

૨૯. જાહેર જનતા જોઇ શકે તે પ્રમાણે વાહન પાર્કિંગ ફીના દર દર્શાવતું બોર્ડ દરેક પાર્કિંગ સાઇટના પ્રવેશ અને નિર્ગમનવાળી જગ્યાએ સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે સ્થળે રાખવાનું રહેશે અને તે અંગેનો તમામ ખર્ચ પરવાનેદારે ભોગવવાનો રહેશે.

૩૦. **આ જગ્યાની સફાઇ ,જાળવણીની તેમજ રીપેરીગની જવાબદારી પરવાનેદારની રહેશે. સ્થળ પર સફાઇ કરીને કચરો એકત્ર કરીને રાખવાનો રહેશે. જે એકત્ર કરેલા કચરાના નિકાલ માટે માસિક રૂ.૩૦૦૦/- અલગથી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ખાતે ચુકવવવાના રહેશે.** જો સફાઇ કરેલ ન હોય તેવું ધ્યાને આવે તો લાઇસન્સી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની સક્ષમ સતાના નિર્ણય અનુસાર દંડ વસુલ લેવામાં આવશે.

૩૧. સ્થળ પર પરવાનેદારે પાર્કિંગ જગ્યા કાયમી ધોરણે સ્પષ્ટ રીતે જોઇ શકાય તે મુજબ માર્ક કરવાની રહેશે.

૩૨. પાર્કિંગ માટે (સાથે સામેલ કરેલ નકશામાં દર્શાવેલ)નિયત કરેલ જગ્યાએ જ વાહનો પાર્કિંગ કરી શકાશે.તે સિવાયની જગ્યા પાર્કિંગ માટે વાપરી શકાશે નહી. આ સમ્રગ જગ્યા તથા પ્રીમાઇસીસની માલિકી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની રહેશે.

૩૩. ચાલુ હાલતમાં હોય તેવા વાહનોજ પાર્ક કરવાના રહેશે તથા તે નિયત કરેલ પાર્કિંગની જગ્યાએ જ પાર્ક કરી શકાશે.જો કોઇ પણ બિનવારસી/બંધ પડેલા વાહનો પાર્ક કરેલા જણાશે તો તેની સંપુર્ણ જવાબદારી લાઇસન્સીની રહેશે.

૩૪. આ જગ્યાએ પરવાનેદાર કોઇ પ્રકારનું બાંધકામ કરી શકશે નહી તેમજ કોઇ પ્રકારનું અન્ય દબાણ ન થાય તેની તકેદારી પરવાનેદારે રાખવાની રહેશે.

૩૫. પરવાનેદાર દ્વારા સ્થળ પર આઇ.ડી.કાર્ડ સાથેનો સ્ટાફ/માણસો રાખવાના રહેશે.તથા તેની માહિતી એસ.આર.એફ.ડી.સી.એલ. ખાતે જમા કરાવવાની રહેશે.

૩૬. પરવાનેદારે પાર્કીગના સ્થળે સ્વખર્ચે સી.સી.ટી.વી.કેમેરા (સ્ટોરેજ કેપેસીટી સાથેના) લગાવાના રહેશે. જેનું રેકોર્ડીગ અત્રેની કચેરીથી માંગવામાં આવે તો પરવાનેદારે આપવાનું રહેશે. સદર સી.સી.ટી.વી. કેમેરાનું મેઇન્ટેનન્સ પરવાનેદારે વખતોવખત સ્વખર્ચે કરવાનું રહેશે અને તે અંગેનું લાઇટબીલ પરવાનેદારે ભરવાનું રહેશે.

૩૭. સાબરમતી રીવરફ્રન્ટની જગ્યાને કોઇ પ્રકારે નુકશાન થશે તો તે રકમ સીકયોરીટી ડીપોઝીટની રકમમાંથી વસુલ કરવામાં આવશે અને તેમ છતાં બાકી રહેતી રકમ કાયદેસર પગલાં લઇ વસુલ કરી શકાશે.

૩૮. આ જગ્યા ઉપર પાર્કીંગ કરેલ વાહનોમાં કેસેટ વેચાણ,પાન પાર્લર,ખાધ્યકે અન્ય વસ્તુઓ વેચાણ વિગેરે અન્ય કોઇ પણ પ્રકારનો ધંધો કરી શકાશે નહી તથા કોઇ પણ જ્વનલશીલ પદાર્થોના હેરફેર વાળા વાહનો પાર્ક કરાવી શકશે નહી.

૩૯. પરવાનેદારને આપેલ પાર્કિંગ સ્પેસમાં ટ્રક, ટેમ્પો વિગેરે જેવા ભારે વાહનો પાર્ક કરવાની તથા કોઇ પણ પ્રકારના વાહનો સર્વિસીસ કે રીપેરીંગ કરવાની પરવાનગી નથી. જો તેવું થતું જણાશે તો તેની સઘળી જવાબદારી પરવાનેદારની રહેશે તથા તે કિસ્સામાં સક્ષમ સત્તા દ્વારા લેવાયેલ નિર્ણય આખરી ગણાશે તથા તે પરવાનેદારને બંધનકર્તા રહેશે.

૪૦. પરવાનેદારને પાર્કિંગ સ્પેસનો ઉપયોગ કોઇ પણ પ્રકારના બેનર્સ, પ્રદર્શન કે જાહેરાતના હોર્ડીંગ્સ લગાવવા માટે પરવાનગી નથી. જો તેવું થતું જણાશે તો તેની સઘળી જવાબદારી પરવાનેદારની રહેશે તથા તે કિસ્સામાં સક્ષમ સત્તા દ્વારા લેવાયેલ નિર્ણય આખરી ગણાશે તથા તે પરવાનેદારને બંધનકર્તા રહેશે.

૪૧. નિયત કરેલ પાર્કીંગ માટેની જગા પર કોઇ કારણોસર કે સંજોગોવશાત પાર્કીંગ થઇ શકે કે કરાવી શકાય તેમ ન હોય અથવા તો પાર્કીંગ કરવાનું બંધ કરાવવા અંગે તંત્ર તરફથી ફરજ પાડવામાં આવે તો તે અંગે કોઇપણ જાતનું રીફંડ કે વળતર આપવામાં આવશે નહી અને તે અંગે કોઇપણ જાતની દાવાદુવી કે કોર્ટ લીટીગેશન થઇ શકશે નહી.

૪૨. ટેન્ડર મંજુર થયેથી આ અંગે અલગ કરાર કરવાનો રહેશે જેનો ખર્ચ પરવાનેદારે ભરવાનો રહેશે.

૪૩. પરવાનેદારે ટેન્ડરની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઇ પણ શરતોનો ભંગ થશે તો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની પરવાનો રદ કરશે અને ભરેલ સીકયુરીટી જપ્ત કરવામાં આવશે અને પરવાનેદારને બ્લેકલીસ્ટ કરવામાં આવશે. તેના કારણે પરવાનેદારે કોઇ પ્રકારની નુકશાની માંગી શકશે નહી.

૪૪. પરવાનેદારે અધવચ્ચેથી કોન્ટ્રાકટ છોડવો હશે તો કોન્ટ્રાકટ છોડવાના ત્રણ માસ પહેલા લેખિત જાણ કરવાની રહેશે અને આ સમય માટેની લાયન્સ ફી પરવાનેદારે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનમાં ભરેલી હોવી જોઇએ, જે કોઇપણ સંજોગોમાં પરત મળશે નહી અને ભરેલ સીકયોરીટી જપ્ત થશે.કોઇપણ સંજોગોમાં છ માસીક લાયન્સ ફીમાંથી કોઇ રકમ મજરે મળી શકશે નહી.

૪૫. પરવાનેદારે વાહન પાર્કીંગવાળી જગ્યામાં પાર્કીંગ કરેલ વાહનની સંપૂર્ણ જવાબદારી નિભાવવાની રહેશે. વાહનનાં ઇન્સ્યોરન્સ કલેમ અંગેની જવાબદારી પરવાનેદારની રહેશે જેમ કે વાહનને આગ લાગે, કોમી તોફાનો થાય, તોડફોડ, ચોરી થાય કે અન્ય કોઇ રીતે નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી પરવાનેદારે ભોગવવાની રહેશે, આ અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૪૬. **<u>ફોર્સ મેજર</u>**: ફોર્સ મેજેઅરને કારણે, કોઈપણ પક્ષ અન્ય પક્ષ માટે જવાબદાર રહેશે નહીં અથવા વિલંબ અથવા નિષ્ફળતા હોય તો, કરારના સંબંધમાં તેની પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવામાં કોઈપણ વિલંબ અથવા પૂર્ણ કરવામાં કોઈપણ નિષ્ફળતાને કારણે કરારનું ઉલ્લંઘન કરતું હોવાનું માનવામાં આવશે નહીં.

કરારના હેતુ માટે, "ફોર્સ મેજેર" એ ભગવાનના અધિનિયમને કારણે બનતી કોઈપણ ઘટના,યુદ્ધ, યુદ્ધ જેવી પરિસ્થિતિઓ, નાકાબંધી, પ્રતિબંધો, બળવો, સરકારી નિર્દેશો અને સંરક્ષણ અધિકારીઓ અથવા સરકારની અન્ય કોઈપણ એજન્સીઓની હસ્તક્ષેપ, આગ, પૂર, ભૂકંપ, રમખાણો, હડતાલ, તોફાન, જ્વાળામુખી ફાટી નીકળવો, ટાયફૂન, વાવાઝોડા, ભરતીના મોજા, ભૂસ્ખલન, વીજળીના વિસ્ફોટ, વાવંટોળ, ચક્રવાત, સુનામી, પ્લેગ અથવા અન્ય રોગચાળો અથવા રોગચાળો

સંસર્ગનિષેધ, લોકડાઉન, વૈશ્વિક, રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક કટોકટી, યુદ્ધના કૃત્યો, આતંકવાદ અથવા તોડફોડના કૃત્યો, માળખા અને/અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિનાશ, ઊર્જાની લાંબી નિષ્ફળતા , મંજૂરીઓનું રદબાતલ, સરકાર દ્વારા આપવામાં આવેલ કોઈ વાંધો, સંમતિ, લાયસન્સ, કાયદામાં ફેરફાર, કાયદાકીય અને/અથવા સરકારી સત્તા દ્વારા કાર્યવાહી અને/અથવા હુકમ, જમીન અથવા તેના કોઈપણ ભાગનું સંપાદન, માંગણી અથવા નિકાલ, તૃતીય પક્ષની કાર્યવાહી અથવા સરકારી અથવા અન્ય સત્તા અથવા કમિશન અથવા બાદબાકી અથવા તેના દ્વારા અસરગ્રસ્ત પક્ષના નિયંત્રણની બહારનું કોઈ અન્ય કાર્ય.

બંને પક્ષો આ કરારની શરતો અને નિયમોનું પાલન કરવાના ઉદ્દેશ્ય સાથે તમામ વાજબી સાવચેતીઓ અને વાજબી વૈકલ્પિક પગલાં લેશે.

જો ફોર્સ મેજરને કારણે કરવું અશક્ય અથવા અવ્યવહારુ બને તો કોઈપણ પક્ષ કરારને સમાપ્ત કરી શકે છે.

અથવા

કોઈપણ સમયગાળો કે જેમાં પક્ષકાર, આ કરાર અનુસાર, કોઈપણ ક્રિયા અથવા કાર્ય પૂર્ણ કરી શકે, તે સમયગાળાની સમાન સમયગાળા માટે લંબાવી શકાય છે જે દરમિયાન આ ભાગ ફોર્સ મેજેઅરના પરિણામે આવી ક્રિયા કરવામાં અસમર્થ હતો. આ સંદર્ભમાં, SRFDCLનો નિર્ણય અંતિમ માનવામાં આવશે.

૪૭. ટેન્ડરમાં દર્શાવેલ પાર્કીંગ ફીના દર ટેન્ડરમાં દર્શાવેલ મુદત દરમ્યાન વખતોવખત અ.મ્યુ.કો/ સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા નકકી કરવામાં આવ્યા મુજબ અમલમાં રહેશે.

૪૮. ઉપરોકત શરતોના ભંગ અને/અથવા અન્ય ઉપસ્થિત પશ્નો સંદર્ભે ,સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા જે તે વખતે નકકી થનાર દંડનીય રકમ ભરવાની સંપૂર્ણ જવાબદારી પરવાનેદારની રહેશે તથા સદરહુ રકમ સીકયોરીટી ડીપોઝીટમાંથી બાદ કરી લેવામાં આવશે અને તે બાબતે પરવાનેદારનો કોઇ વાદ-વિવાદ કે વાંધો ધ્યાને લેવામાં આવશે નહી.

૪૯. ઉપરોકત તમામ શરતોના અર્થઘટન બાબતે અને ભવિષ્યમાં ઉપરોકત મદ્દાઓ સિવાયના કોઇ પણ ઉભા થનાર પ્રશ્નો બાબતે સા.રી.ફ્ર.ડે.કો.લી. નો નિર્ણય આખરી ગણાશે.આ કરાર બાબતમાં કોઇ વાદ વિવાદ ઉપસ્થિત તો,સા.રી.ફ્ર.ડે.કો.લી. નો આદેશ/સુચના/નિર્ણય આખરી ગણાશે અને તે સંપૂર્ણતઃ પરવાનેદારને બંધનકર્તા રહેશે. તથા તે અંગે કોઇપણ જાતની દાવાદુવી કે કોર્ટ લીટીગેશન થઇ શકશે નહી.

૫૦. પ્રસંગોપાત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનને સદર પાર્કિંગવાળી જગ્યાની જરૂર પડશે તો તે તેનો ઉપયોગ કરી શકશે અને તે માટે કોઇ પણ પ્રકારનું વળતર

આપવામાં આવશે નહી અને જરૂર જણાય તો લાઈસન્સીને ૧૫ દિવસની નોટીસ આપીને સદર જગ્યાનો કબ્જો પરત લઇને એલોટમેન્ટ રદ કરી શકશે.

૫૧. પરવાનેદારને આપેલ પાર્કિંગ સ્પેસમાં કોઇ પણ પ્રકારની અશિષ્ટ, ઉપદ્રવી, અસ્પષ્ટ કે ગુનાઇત પ્રકારની પ્રવૃતિ થતી જણાશે તો તેની સઘળી જવાબદારી પરવાનેદારની રહેશે તથા તે કિસ્સામાં સક્ષમ સત્તા દ્વારા લેવાયેલ નિર્ણય આખરી ગણાશે તથા તે પરવાનેદારને બંધનકર્તા રહેશે.

૫૨. પરવાનેદારે પાર્કિંગની જગ્યા કોવીડ-૧૯, તદઉપરાંત કોઇ પણ સરકારી/ એ.એમ.સી.ની માર્ગદર્શિકા/ નિયમ/ સૂચના મુજબ સ્વચ્છ સ્થિતિમાં રાખવાની રહેશે.

૫૩. પરવાનેદાર બ્લેક લિસ્ટિંગ/ભ્રષ્ટ/કપટપૂર્ણ વ્યવહારો માટે આયોગતાની ઘોષણા હેઠળ ન હોવા જોઇએ.

૫૪. કોઇપણ કાયદાકીય પશ્ન માટે ન્યાયીક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

ઉપરોકત શરતો મેં વાંચી અને તે મને/અમોને કબુલ છે.

---------------------------------

ઓફરદારની સહી

# નકશો-પોર્શન-બી અને પોર્શન-બી-૧

